**<u>મહે. ૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, અમદાવાદ શહેર.</u>**

**<u>ફો.કેસ નં. 94004/2024</u>**

ફરિયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– રીતીક પદમચંદ્ર જૈન.

ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખે, સમયે અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન રોંગ સાઇડમાં પૂરઝડપે અને બેફીકરાઇથી પોતાની તથા અન્યોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ઇ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ હોઇ ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરિયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે, તે ગુનો કબુલાત પુરશીશમાં ગુનો કબુલ કરેલ છે, જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચાવાળા માણસ હોઇ આર્થિક પરિસ્થિતિ અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ . નામદાર ગુજરાત હાઇકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરું છું.

**–: હુકમ :–**

આરોપીને ક્રિમી.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઇ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના ભંગ બદલ સંયુકત રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામાં આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના ઉપર જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો State of Gujarat V/s Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખતા સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજ રોજ તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪<br>
સ્થળ : અમદાવાદ.<br>
**<u>સ્પેશિયલ સીટીંગ</u>**

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)<br>
૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં. ૨૧, અમદાવાદ શહેર.<br>
કોડ નં. જી.જે. ૦૧૦૩૭